રજૂ તારીખ : ૧૪/૧૦/૨૦૨૫
દાખલ તારીખ : ૧૪/૧૦/૨૦૨૫
નિકાલ તારીખ : ૧૮/૦૪/૨૦૨૬
અવધિ : વર્ષ માસ દિવસ

આંક :

**ભાવનગર જિલ્લાના સત્ર ન્યાયાધીશની કોર્ટમાં, મુકામ : ભાવનગર.**

**ફોજદારી રીવીઝન અરજી નં.૧૧૯/૨૦૨૫**

**અરજદાર :-**

**શ્રી સરકાર**
**શ્રી કે.ડી.આચર (મરણ પામેલ છે.),**
મદદનીશ સલાહકાર અધિકારી,
લગત રજીસ્ટ્રાર,
સહકારી મંડળીઓ,
થ્રુ એડી. પબ્લીક પ્રોસીકયુટર,
ભાવનગર.

**વિરૂધ્ધ**

**સામાવાળા :-**

૧. **શ્રી જયંતીલાલ મગનલાલ શાહ (ભુતપુર્વ મેનેજર) (એબેટ),**
શ્રી ભાવનગર મર્કન્ટાઇલ કો.-ઓપ બેંક લી., ભાવનગર,
ઠે.પ્લોટ નં.૫૩૭, જૈન સોસાયટી, વિજયરાજનગર, ભાવનગર.

૨. **શ્રી હીતેનભાઇ ઇન્દુલાલ ભટ્ટ, (કર્મચારી),**
ઉ.વ.૬૫, રહે.જલદર્શન એપાર્ટમેન્ટ, ચોથા માળે,
તખ્તેશ્વર પોસ્ટ ઓફીસ પાછળ,
વાઘાવાડી રોડ, તા.જિ.ભાવનગર.

૩. **શ્રી પ્રીતીબેન બી. ભટ્ટ,**
લોન ઓફીસર,
ઉ.વ.૬૫, રહે.લોખંડ બજાર,
ભાવનગર.

૪. **શ્રી કનૈયાલાલ વ્રજલાલ પંડ્યા, (ચેરમેનશ્રી) (એબેટ),**
રહે.પ્લોટ નં.૪૭૯, ગણેશભુવન,
શિશુવિહાર, તા.જિ.ભાવનગર.

૫. **શ્રી ઇન્દુકુમાર ઉકાભાઇ પટેલ, (મેનેજીંગ ડીરેકટરશ્રી) (એબેટ),**
ઉ.વ.૬૫, રહે.૧૧૬, એલ.આઈ.જી., શાસ્ત્રીનગર,
તા.જિ.ભાવનગર.

૬. **શ્રી પરશોતમદાસ વ્રજલાલ શાહ, (જોઇન્ટ ડીરેકટરશ્રી) (એબેટ),**
રહે.બ્લોક નં.૧–૩, યોગીરાજ એપાર્ટમેન્ટ, પાનવાડી રોડ,
તા.જિ.ભાવનગર.

૭. **શ્રી રાજેશકુમાર રમણીકલાલ પટેલ, (ડીરેકટરશ્રી) (એબેટ),**
ઉ.વ.૬૫, રહે.રાજેશ બિલ્ડીંગ, રૂપાણી સર્કલ, ભાવનગર.

૮. **શ્રી હીરાલાલ જમનાદાસ શાહ, (ડીરેકટરશ્રી) (એબેટ),**
રહે.દેસાઇ શેરી, ડેલીમાં, તા.જિ.ભાવનગર.

૯. **શ્રી કીરીટકુમાર હિંમતલાલ પટેલ, (ડીરેકટરશ્રી),**
ઉ.વ.૮૦, રહે.ધજાગરાવાળી શેરી, આખળીવાળો ડેલો,
કણબીવાડ, તા.જિ.ભાવનગર.

૧૦. **શ્રી મહેશભાઇ મનહરલાલ પારેખ, (એબેટ),**
ઉ.વ.૭૦, રહે.પ્લોટ નં.૨૧/સી, જયદીપ ફીલ્ટર,
ટાંકી પાસે, તા.જિ.ભાવનગર.

૧૧. **શ્રી રાજેન્દ્ર ઇન્દુકમાર દવે, (ડીરેકટરશ્રી),**
ઉ.વ.૮૦, રહે.૨૦, હરીયાળા પ્લોટ,
ક્રેસન્ટ સર્કલ, તા.જિ.ભાવનગર.

૧૨. **શ્રી જુગલકીશોર પી.પારેખ, (ડીરેકટરશ્રી) (એબેટ),**
ઉ.વ.૭૦, રહે.પ્લોટ નં.૨૨૬૯(સી)(૨),
રત્નાકર, હીલડ્રાઇવ, તા.જિ.ભાવનગર.

૧૩. **શ્રી અરવીંદભાઇ લક્ષ્મીદાસ ઠકકર, (ડીરેકટરશ્રી),**
ઉ.વ.૭૫, રહે.મનીષ, પ્લોટ નં.૩૩૩, બોરડીગેટ,
તા.જિ.ભાવનગર.

૧૪. **શ્રી ભગવાનભાઇ બચુભાઇ ચૌહાણ, (ડીરેકટરશ્રી) (એબેટ),**
ઉ.વ.૭૦, રહે.પ્લોટ નં.૨૭૦૩, પટેલ પાર્ક,
મુની ડેરી, તા.જિ.ભાવનગર.

૧૫. **શ્રી પ્રવીણચંદ્ર છગનલાલ ઠકકર, (ડીરેકટરશ્રી),**

ઉ.વ.૭૦, રહે.બ્લોક નં.૯૯, શીવનગર,
તળાજા રોડ, તા.જિ.ભાવનગર.

**૧૬. શ્રી હરેન્દ્રભાઇ ચંપકલાલ કાપડીયા, (ડીરેકટરશ્રી) (એબેટ),**
રહે.વીરભદ્ર અખાડા પાસે,
ડોન, તા.જિ.ભાવનગર.

**બાબત : ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૯૭ અન્વયે રીવીઝન અરજી.**

| | |
|---|---|
| **અરજદાર તરફે :** | **વિધ્વાન પી.પી.શ્રી એમ.આર.જોષી** |
| **સામાવાળા નં.૨,૩ તરફે :** | **વિધ્વાન વકીલશ્રી કે.સી.દેસાઇ** |
| **સામાવાળા નં.૯ તરફે :** | **વિધ્વાન વકીલ શ્રી એમ.એલ.મકવાણા** |
| **સામાવાળા નં.૧૩, ૧૧ તરફે :** | **વિધ્વાન વકીલ શ્રી યુ.આર.દવે** |
| **સામાવાળા નં.૧૫ તરફે :** | **ગેરહાજર** |

**-:: ચૂકા દો ::-**

૧. ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૯૭ અન્વયે મુજબ હાલની રીવીઝન અરજી અરજદારે ભાવનગરનાં વિધ્વાન બીજા એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,ની કોર્ટ ધ્વારા ફોજદારી કેસ નં.૭૦૮૯/૨૦૦૩ ના કામે તા.૨૮/૭/૨૦૨૫ ના રોજ આરોપીઓને ડીસ્ચાર્જ કરી છોડી મુકવાના કરેલ હુકમથી નારાજ થઇ દાખલ કરેલ છે.

૨. નીચલી અદાલત સમક્ષ હાલના અરજદાર ધ્વારા દાખલ કરેલ ફરિયાદની ટૂંકી હકીકત એવી છે કે, ફરિયાદી કાનજીભાઇ દેવજીભાઇ આયરને જિલ્લા રજીસ્ટ્રાર સાહેબ, સહકારી મંડળીઓ, ભાવનગરના હુકમ આધારે આરોપી સામે ગુરજરાત સહકારી મંડળીઓ, અધિનિયમ ૧૯૬૧ ની કલમ-૧૪૭(એ)(એસ) સાથે વાંચતા કલમ ૧૪૮(૧)(એસ) તથા ભારતીય ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ ૪૦૯, ૪૧૮, ૪૨૦, ૪૨૧, ૪૬૩, ૪૬૪, ૪૭૭ મુજબની ફરિયાદ દાખલ કરવા તા.૨૬/૮/૨૦૨૩ ના રોજ કરાયેલ ઓથોરીટી લેટરથી અધિકૃત કરેલ છે જેમાં તેઓએ એવી ફરિયાદ આપેલ છે કે, ભાવનગર મર્કન્ટાઇલ કો-ઓપ., બેંક લી., નાં જે તે સમયના ડાયરેકટરશ્રી હરેન્દ્રભાઇ ચંપકલાલ કાપડીયા ધ્વારા અત્રેની કચેરીને કરેલ અરજીમાં

જણાવેલ વિગતો મુજબ બેન્કે (૧) રાજુભાઇ ભગવાનભાઇ દવે (૨) કુસુમબેન રાજુભાઇ દવેને અપાયેલ લોનની રકમ બાકી હોવા છતાં રાજુભાઇ ભગવાનભાઇ દવેના ખાતા નં.૧૦૮૧૫ લોન લેઝર પાના નં.૧૫૯ માં તા.૯/૧૨/૯૯ ના રોજ ખાતુ નીલ કરેલ છે તથા કુસુમબેન રાજુભાઇ દવે ખાતા નં.૧૦૮૮૨ લોન લેઝર પાના નં.૧૬૦ માં તા.૯/૧૨/૧૯૯૯ ના રોજ ખાતુ નીલ કરેલ છે. ઉકત લોનના ખાતામાં લોનની રકમ બાકી હોવા છતાં બંને ખાતામાં રકમ જમા આપી ખાતા ચુકતે કરી દેવાયેલ છે. રાજુભાઇ અને કુસુમબેનના લોનના ખાતામાં રકમ જ ભરાયેલ નથી તથા લોનના ખાતામાં રકમ જમા અંગેના કોઇ વાઉચર ફાડવામાં આવેલ નથી. આ રકમ કેશથી, ચેકથી કે ટ્રાન્સફરથી જમા આવેલ નથી. કોઇપણ જાતની જમા રકમ મળ્યા વગર લોનના ખાતામાં જમા આપી ખાતુ નીલ કરવામાં આવેલ છે જે નાણાકીય દ્રષ્ટીએ ગેરરીતી હોય ગંભીર બાબત છે.

૨.૧. સદરહુ નાણાકીય ગેરરીતી થયાનું સ્પષ્ટ જણાય છે અને આ ગેરરીતી સંદર્ભે જવાબદાર સામે બેન્કના હોદૃેદારોએ શું કાર્યવાહી હાથ ધરેલ છે? તે અંગેની વિગત મંગાવવામાં આવેલ, જેના જવાબમાં બેન્ક તરફથી તા.૨/૩/૨૦૦૧ ના પત્રથી બોર્ડ ઓફ ડીરેકટરની તા.૨૩/૨/૨૦૦૧ ની મળેલ મીટીંગમાં થયેલ કાર્યવાહીના ભાગરુપે ઠરાવ નં.૧૨ ની વિગતોની જાણ કરવામાં આવેલ છે. સદરહુ ઠરાવની વિગતો ધ્યાને લેતા શ્રી રાજુભાઇ ભગવાનભાઇ દવે ખાતા નં.૧૦૮૧૫ તથા શ્રી કુસુમબેન રાજુભાઇ દવે ખાતા નં.૧૦૮૮૨ ના લોન ખાતાની મુળ રકમના ચેક આવેલ હોય, આ અંગેની રકમ વસૂલ થયેલ છે. બંને લોન ખાતાઓ નીલ થયેલ હોય આ ચેકોની રકમ સન્ડ્રી ક્રેડીટર્સ ખાતે જમા લેવામા આવી છે. સંસ્થાના માજી મેનેજરશ્રીની સૂચના મુજબ કાર્ય કરેલ છે જેની નોંધ લીધેલ છે. તેવુ બેન્ક તરફથી જણાવવામાં આવેલ છે તેમજ બેન્ક તરફથી તા.૩/૧/૨૦૦૧ ના પત્રના અહેવાલમાં રજૂ થયેલ વિગતે નાણાકીય ગેરરીતી શ્રી રાજુભાઇ ભગવાનભાઇ દવેના ખાતામાં રૂા.૧,૫૦,૦૦૦/- ની રકમ જમા કરાવવા માટે શ્રી વિજયભાઇ જનકરાય ભટ્ટ તરફથી તા.૨૨/૧૨/૨૦૦૦ ના રોજ ચેક

રજૂ થયેલ, તે જ રીતે શ્રી કુસુમબેન રાજુભાઇ દવેના ખાતામાં રૂા.૧,૫૦,૦૦૦/- નો ચેક શ્રી વિજયભાઇ જનકરાય ભટ્ટ તરફથી તા.૨૨/૧૨/૨૦૦૦ ના રોજ બેન્કમાં રજૂ થયેલ છે તેવુ બેન્કે ઉકત પત્રની વિગતે જણાવેલ. આ બંને લોન ખાતાઓ તા.૯/૧૨/૧૯૯૯ ના રોજ નીલ થઇ ગયેલ હોવાથી બંને ચેકો સન્ડ્રી ક્રેડીટર્સ ખાતે જમા લેવામા આવેલ છે તેવુ બેન્ક ધ્વારા ઉપરોકત પત્રની વિગતે જણાવેલ છે. વધુમાં આ અંગે ખુલાસો મેળવવામાં આવેલ, જે ખુલાસામાં જેમણે આ કાર્ય કરેલ છે તે કર્મચારીશ્રી હીતેનભાઇ ભટ્ટ તા.૨૧/૨/૨૦૦૦ થી લેખિત ખુલાસામાં આ કાર્ય જે તે સમયના મેનેજરશ્રીની સૂચના મુજબ આ ખાતા નં.૧૦૮૧૫ તથા ૧૦૮૮૨ ના લોન ખાતાઓ નીલ કરવામાં આવેલ હોવાનું જણાવેલ તેમજ માજી મેનેજરશ્રી જે.એમ.શાહના તા.૨૫/૧૨/૨૦૦૦ ના લેખિત પત્રથી થયેલ ખુલાસામાં તેઓને હીતેન આઇ.ભટ્ટ પાસેથી તેઓની દોરવણી મુજબ આ અંગેના હવાલા પડાવેલ છે.

૨.૨. આમ, શ્રી ભાવનગર મર્કન્ટાઇલ કો-ઓપ. બેંક લી., ભાવનગરની ઉપરોકત થયેલ નાણાકીય ગેરરીતી માટે સર્વગ્રાહી રીતે સંસ્થાના જે તે સમયના માજી મેનેજરશ્રી જે.એમ.શાહ તથા હીતેનભાઇ આઇ.ભટ્ટ તથા પ્રીતીબેન બી. ભટ્ટ સંસ્થાના હિતને બાદ આવે તેવુ કાર્ય કરવા અંગે શ્રી ભાવનગર મર્કન્ટાઇલ કો-ઓપ. બેંક લી., ભાવનગરના બોર્ડ ઓફ ડીરેકટર્સ સભ્યોએ નિષ્કાળજી/બેદરકારી અને ગફલતભરી તેમજ તેને ગર્ભીત રીતે સમર્થન આપી ગુનાહિત કૃત્ય કરેલ છે અને તેમ કરી આરોપીઓએ ગુજરાત સહકારી મંડળીઓ અધિનિયમ ૧૯૬૧ ની કલમ ૧૪૭(એ)(એસ) સાથે વાંચતા કલમ ૧૪૮(૧)(એસ) તથા ભારતના ફોજદારી અધિનિયમ ૧૮૬૦ ની કલમ ૪૦૯, ૪૧૮, ૪૨૦, ૪૨૧, ૪૬૩, ૪૬૪, ૪૭૭ મુજબ શિક્ષાનેપાત્ર ગુનો કરેલ છે.

૩. ત્યારબાદ નીચેની કોર્ટે આરોપીઓ વિરુધ્ધ સમન્સ ઇશ્યુ કરવાનો હુકમ કરેલ અને સદરહુ કેસની પ્રક્રિયા ચાલુ હતી તે દરમ્યાન ભવનગરના બીજા એડી.જયુડી.મેજી.ફ.ક., ધ્વારા તા.૨૮/૭/૨૦૨૫ ના રોજ આરોપીઓને ડીસ્ચાર્જ કરી છોડી મુકવાનો આંક ૧ લગત હુકમ

કરવામાં આવતા સદર હુકમથી નારાજ થઇ હાલની રીવીઝન અરજી દાખલ કરવામાં આવેલ છે.

૪. સદર રીવીઝન અરજી સામે સામાવાળા નં.૨ તથા ૩ ધ્વારા આંક ૧૧ થી જવાબ રજૂ કરી એવી તકરાર લીધેલ છે કે, મુળ ફરિયાદ મુજબ ખાતા નં.૧૦૮૧૫ તથા ૧૦૮૮૨ ના લોન ખાતાની મુળ રકમના ચેક આવેલ હોય અને લોનની રકમ વસૂલ થયેલ છે અને આ બંને ખાતા સન્ડ્રી ક્રેડીટર્સ ખાતે જમા લેવામાં આવેલ છે. શ્રી જયંતીલાલ મગનલાલ શાહનો ફોજદારી કેસ નં.૭૦૮૯/૨૦૦૩ માં રજૂ થયેલ તા.૨૫/૧૨/૨૦૦૦ નો પત્ર તે સમયના મેનેજરને સંબોધીને લખેલ તે વંચાણે લેવામાં આવે તો તેમાં તેઓએ સ્પષ્ટપણે જણાવેલ છે કે, ''જયભારત સાથ લખવાનું કે, તમારા તા.૨૧/૧૨/૨૦૦૦ ના પત્ર નં.૨૯/૩૦૮૧ અન્વયે લખવાનું કે પત્રમાં જણાવેલ ખાતાના હવાલા અમોએ હીતેન ભટ્ટ (સામાવાળા નં.૨) પાસે અમારી દોરવણી મુજબ પડાવેલ છે. બીજુ લખવાનું કે ઘણા લાંબા સમયથી સતત ચાલ્યુ આવતુ બેન્કનું મારા ઉપરના તોફાનને કારણે તે સમયે શા માટે, કયા સંજોગોમાં અને કઇ રીતે હવાલા અમોએ પડાવેલ છે તેમાંનું કાંઇપણ અત્યારે મારી સ્મૃતિમાં નથી.'' આ પત્રથી સ્પષ્ટ થાય છે કે, બેન્કમાં તે સમયે જે નાણાકીય હવાલા અને કાર્યવાહી થયેલી તે બેન્કના તત્કાલીન મેનેજરશ્રી જયંતીલાલ એમ. શાહની સૂચના મુજબ થયેલી અને તેમની સૂચના મુજબ જે કાર્યવાહી કરવામાં આવેલ તે કાર્યવાહીનું ત્યારબાદ બેન્કના બોર્ડ ઓફ ડીરેકટર્સની મીટીંગમાં બહાર પણ કરવામાં આવેલ છે. સામાવાળા નં.૨ કલાર્કની પોસ્ટ ઉપર નોકરી કરતા હતા અને કલાર્ક તરીકે તેઓની બેન્કના મેનેજર એટલે કે સામાવાળા નં.૧ નાં જે સૂચના આપે તેનુ પાલન કરવાની તેમની કાયદેસર ફરજ હોય સામાવાળા નં.૧ ની સૂચના મુજબ કાર્યવાહી કરેલ હોય અને તેને બેન્કના બોર્ડ ઓફ ડીરેકટર્સ ધ્વારા મંજૂરી આપવામાં આવેલ હોય સામાવાળા નં.૨ ને તદન ખોટા જોડવામાં આવેલ છે. સામાવાળા નં.૩ નાંએ આ લોન અંગે કોઇ કાર્યવાહી કરેલ નથી. તેઓએ તેમની ફરજ બજાવવામાં કોઇ નિષ્કાળજી કે બેદરકારી દાખવેલ નથી જેથી તેઓને

નીચેની અદાલત ધ્વારા ડીસ્ચાર્જ કરેલ છે તે કાયદેસર છે. નામદાર કોર્ટે આ કામના ફરિયાદીને તેમની કચેરીએ સમન્સ મોકલેલુ ત્યારે ફરિયાદીની કચેરીએ ફરિયાદીને આંક ૭૫ થી તેમની કચેરી ધ્વારા પત્ર પણ લખેલ જેમાં જણાવવામાં આવેલુ કે, ફરિયાદી શ્રી કે.ડી.આચર તા.૩૦/૪/૨૦૨૧ ના રોજ અવસાન પામેલ છે અને તેમનું મરણનું પ્રમાણપત્ર પણ રજૂ કરેલ હતું. ત્યારબાદ ફરિયાદ પક્ષ ધ્વારા આ કેસ આગળ ચલાવવામાં આવેલ નહિ કે ફરીયાદ પક્ષ ધ્વારા કોઇ રીપોર્ટ કે રજૂઆત કરવામાં આવેલ નથી કે કેસ આગળ ચલાવવા કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નથી કે કોઇ જુબાની આપવામાં આવેલ નથી. ત્યારબાદ નામદાર કોર્ટ આ કેસનું રેકર્ડ વંચાણે લેતા એવા તારણ ઉપર આવેલ છે કે આ કેસમાં કોઇપણ આરોપીઓ વિરુધ્ધ ગુનો બનતો હોય તેવુ જણાતું નથી. ફરિયાદ પક્ષનો એવો કોઇ આક્ષેપ કે પુરાવો નથી કે બેન્કના કર્મચારી એટલે કે સામાવાળા નં.૨ અને ૩ નાંએ કોઇ નાણાકીય લાભ લીધો હોય, ઉચાપત કરેલ હોય કે ખોટા દસ્તાવેજો બનાવેલા હોય. કહેવાતો આક્ષેપ બેન્કના તત્કાલીન મેનેજર શ્રી જયંતીલાલ મગનલાલ શાહ એટલે કે ફરિયાદના સામાવાળા નં.૧ ના કહેવાથી અને કરવાથી થયેલ છે જેમાં સામાવાળા નં.૨ અને ૩ નાનો કોઇ રોલ નથી કે કાર્યવાહી નથી. જેથી નીચેની કોર્ટનો ચૂકાદો કાયમ રાખવો જોઇએ.

૫. અરજદારના વિધ્વાન વકીલશ્રી ધ્વારા એવી રજૂઆત કરવામાં આવેલ છે કે, નીચેની કોર્ટે પુરાવાનું યોગ્ય રીતે મૂલ્યાંકન કરેલ નથી. નીચેની કોર્ટે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૪૪, ૨૪૫, ૩૧૧ ની જોગવાઇઓનું પાલન કરેલ નથી. સદર કામે જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળી વતી મદદનીશ સહકારી અધિકારીને હોદ્દાની રુએ ફરિયાદ કરવા અધિકૃત કરેલ છે. સદર અધિકારી મરણ ગયેલ હોય તેવુ રેકર્ડ પર આવેલ. પરંતુ સદર કામે ફરિયાદી જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ હોય મંડળી તરફથી અન્ય અધિકારીશ્રીને ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૩૧૧ મુજબ તપાસવા ફરિયાદીને તક આપેલ નથી તેમજ સદર કામે મદદનીશ સરકારી વકીલશ્રીની નિમણૂક કરી સદર કામ ચલાવવા

અધિકૃત કરેલ છે તેમ છતાં નામદાર કોર્ટે આરોપીઓને ડીસ્ચાર્જ કરી છોડી મુકવાનો હુકમ કરતા પહેલા અમોને સાંભળેલ નથી તેમજ મંડળી તરફથી કે પ્રોસીકયુશન તરફથી સદર કામે કોઇ પુરાવા બંધની લેખિત કે મૌખિક રજૂઆત નામદાર કોર્ટ સમક્ષ કરવામાં આવેલ નથી તેમ છતાં ફરિયાદ પક્ષનો પુરાવો એકતરફી રીતે બંધ કરી પુરાવો રજૂ કરવાની તક ફરિયાદ પક્ષને હુકમ કરતા પહેલા આપ્યા વગર કે સાંભળ્યા વગર આરોપીઓને લાભકર્તા તેમજ ફરિયાદ પક્ષને નુકસાનકર્તા એકતરફી હુકમ કરી આરોપીઓને ડીસ્ચાર્જ કરી છોડી મુકવાનો હુકમ કરેલ છે જે અન્યાયી અને કુદરતી ન્યાયના ભંગ સમાન હોય રદ થવાપાત્ર છે. નીચેની કોર્ટે આરોપીઓને ડીસ્ચાર્જ કરતા કરેલ હુકમમાં જી.એલ.એચ. ૨૦૦૮(૨) સુપ્રીમ કોર્ટ, ૪૩૯, એસ.રામાક્રિષ્ના વિ. રામા રેડ્ડીના ચુકાદા પર આધાર રાખેલ, જે હાલના કેસને લાગુ પડતુ નથી કારણકે નામદાર કોર્ટે જે કેસ પર આધાર રાખેલ તે નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટ અન્વયેનો સમન્સ ટ્રાયેબલ કેસ હતો, હાલનો કેસ વોરંટ ટ્રાયેબલ કેસ હતો. નીચેની કોર્ટે પોતાના ચુકાદામાં S.W. Plantikar and other V/s. State of Bihar and others AIR 2001 S.C. 2960 ના ચૂકાદા પર આધાર રાખેલ જે હાલના કેસને લાગુ પડતુ નથી કારણકે તે કેસની હકીકત હકીકતો તથા હાલના કેસની હકીકતો તદ્દન જુદી છે. એકવાર નામદાર કોર્ટે આરોપીઓ સામે પ્રથમદર્શનીય કેસ માની આરોપીઓને સમન્સ કાઢવાનો હુકમ ફરમાવેલ, ત્યારબાદ માત્ર ફરિયાદી મરણ ગયેલ હોય અને ફરિયાદી માત્ર હોદાની રુએ હોય મુળ ફરિયાદી ધ્વારા જિલ્લા રજીજિટ્રાર સહકારી મંડળીઓ હોય અને સદર કેસની હકીકતો મુજબ આરોપીઓનો રોલ ફરિયાદમાં જણાવ્યા મુજબનો હોય અને તે અંગેના સંલગ્ન દસ્તાવેજો ફરિયાદીએ રજૂ કરેલ જે રેકર્ડ ઉપર ફરિયાદ સાથે રજૂ કરેલ હોય જે દસ્તાવેજો રજૂ પુરાવાના કામે જે તે દસ્તાવેજના માહિતગાર મટીરીયલ્સ વીટનેસને તપાસવાની તક આપ્યા વગર રેકર્ડ પર લીધા વગર અને પુરાવો રજૂ કરવાની તક આપ્યા વગર માત્ર ફરિયાદી ગુજરી ગયેલ છે તેટલા માત્રની હકીકત અને ફરિયાદી પુરાવો રજૂ કરી શકેલ નથી તેથી આરોપીઓ સામે કોઇ ગુનો

બનતો નથી અને આરોપીઓ સામે કોઇ પુરાવો નથી તેવુ અવળુ અર્થઘટન તેમજ ભૂલભરેલુ અર્થઘટન કરીને કરેલ હોય જે હુકમ રદ થવાપાત્ર છે.

૬. આ કામે સામાવાળા નં.૨, ૩, ૯, ૧૩, ૧૧ તરફે વિધ્વાન વકીલશ્રીઓ ધ્વારા એવી રજૂઆત કરેલ છે કે, નીચલી અદાલતે આરોપીઓને ડીસ્ચાર્જ કરવાનો જે હુકમ કરેલ છે તે યોગ્ય અને ન્યાયોચિત હોય હાલની રીવીઝન અરજી નામંજૂર કરવી જોઇએ.

૭. બંને પક્ષના વિધ્વાન વકીલશ્રીની દલીલો, નીચેની અદાલતનો હુકમ તથા રજૂ કેસ કાગળો વંચાણે લેતા હાલની રીવીઝન અરજીના નિર્ણય માટે નીચે મુજબના મુદા ઉપસ્થીત થયેલ છે.

૧. શું અરજદાર પુરવાર કરે છે કે, ટ્રાયલ કોર્ટનો હુકમ ખોટો, ગેરકાયદેસર અને કાયદાની જોગવાઇ વિરુધ્ધનો છે અને તેમાં આ અદાલતે હસ્તક્ષેપ કરવો જરૂરી છે ?

૨. શું હુકમ ?

૮. ઉપરોકત મુદા અંગેના મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**-: કા ર ણો :-**

**મુદા નં.૧ :-**

૯. હાલના કેસને ગુણદોષ ઉપર ચકાસીએ તે પહેલા એ હકીકત નોંધવી જરૂરી છે કે, સી.આર.પી.સી. કલમ ૩૯૭ હેઠળ જે રીવીઝન અરજી દાખલ કરવામા આવી છે તે રીવીઝન અરજી માત્ર તેવા જ સંજોગોમાં મંજૂર કરી શકાય કે જયારે નીચલી અદાલત ધ્વારા તેના હુકમમાં કોઇ જયુરીસ્ડીકશનલ એરર અથવા તો એવી કોઇ ભૂલ કરેલ હોય કે જે ઓન ફેસ ઓફ રેકર્ડ ખોટી જણાઇ આવતી હોય અને સદરહુ હુકમ કાયદાથી પ્રસ્થાપિત સિધ્ધાંતોથી સદંતર વિરુધ્ધનો કરવામાં આવેલ હોય.

૧૦. હાલના કામે ટ્રાયલ કોર્ટનો ચૂકાદો વંચાણે લેતા આરોપીઓ સામે કરવામાં આવેલ ફરિયાદ અન્વયે નીચેની કોર્ટ ધ્વારા ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૨ મુજબનું આરોપીઓ સામે કોગ્નીઝન્સ લઇ ઉપરોકત

જણાવેલ કલમો હેઠળ સમન્સ કરવાનો હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ તા.૮/૧૦/૨૦૦૩ ના રોજ ફરિયાદીનું વેરીફીકેશન લેવામાં આવેલ અને વેરીફીકેશન લીધા બાદ આરોપીઓ સામે ક્રીમીનલ પ્રોસીજર કોડની કલમ ૨૦૪ હેઠળ પ્રથમદર્શનીય કેસ જણાતો હોય ફરિયાદ રજીસ્ટરે લઇ આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ ૪૦૯, ૪૧૮, ૪૨૦, ૪૨૧, ૪૬૩, ૪૬૪, ૪૭૭ મુજબના શિક્ષાપાત્ર ગુનાનો સમન્સ ઈશ્યુ કરવા હુકમ કરતા તેને ફોજદારી કેસ નં.૭૦૮૯/૨૦૨૩ થી રજીસ્ટર કરવામાં આવેલ. ત્યારબાદ આરોપીઓ સામે પ્રોસેસ ઇશ્યુ કરવામાં આવેલ. ત્યારબાદ સદરહુ કેસ નીચેની અદાલતમાં આરોપીઓના પ્રી ચાર્જ લેવાના સ્ટેજ પર હતો. તે સ્ટેજે તમામ આરોપીઓ તેમજ ફરિયાદી પણ હાજર રહેલ નથી. કેસ રેકર્ડ વંચાણે લેતા ફરિયાદીએ હાજર થઇ સોગંદ ઉપર કોઇ જુબાની આપેલ નથી કે તહોમતને સંલગ્ન કોઇ પુરાવા રજૂ કરેલ નથી. સદરહુ કેસ ૨૦૦૩ ની સાલનો હોય અને તેમાં ફરિયાદી કે તેમની કચેરી તરફથી કહેવાતા બે વ્યકતીઓના લોન ખાતા નીલ દર્શવવામાં આવેલ છે અને તેમાં જમા રકમ દર્શાવી ખાતા નીલ કરવામાં આવેલ છે તે અંગેની ગેરરીતી હાલના આરોપીઓ ધ્વારા આચરવામાં આવેલ હોય તે અંગેના કોઇ સ્પષ્ટ અને સચોટ પુરાવા રેકર્ડ પર રજૂ થયેલ નથી. આરોપીઓ ધ્વારા આંક ૭૨ લગત પ્રી ચાર્જ એવીડન્સ લેતા પહેલા તેઓને દસ્તાવેજો પુરા પાડવા અંગે અરજ કરવામાં આવેલ, જે અરજી તા.૩/૭/૨૦૧૭ ના રોજ ફેંસલ કરવામાં આવેલ, પરંતુ ત્યારબાદ પણ ફરિયાદ પક્ષ ધ્વારા સદર કેસની કાર્યવાહી આગળ વધારવા કોઇ તજવીજ કરેલ નથી કે પુરાવા મુકવા માટે કોઇ રજૂઆત કરેલ નથી. ફરિયાદીની કચેરીએ સમન્સ કરતા તેના જવાબમાં આંક ૭૫ થી પત્ર રજૂ થયેલ તેમાં જણાવેલ છે કે, ફરિયાદી શ્રી કે.ડી.આચર તા.૩૦/૪/૨૦૨૧ ના રોજ અવસાન પામેલ છે જેના મરણનું પ્રમાણપત્ર સામેલ છે. આમ, જયારે ફરિયાદી અવસાન પામેલ હોય ત્યારબાદ ફરીયાદ પક્ષ ધ્વારા કોઇ રીપોર્ટ કે રજૂઆત કરવામાં આવેલ નથી કે કેસ આગળ ચલાવવા કોઇ કાર્યવાહી કરવામાં આવેલ નથી કે આરોપીઓ વિરુધ્ધ લગાવેલ તહોમત પુરવાર કરવા

માટે જુબાની આપવા પણ હાજર રહેલ નથી. તે સંજોગોમાં રેકર્ડ ઉપર ઉપલબ્ધ દસ્તાવેજો જોતા આરોપીઓ વિરુધ્ધ કોઇ ગુન્હો બનતો હોવાનું જણાઇ આવતું ન હોય ફરિયાદ પક્ષની અક્ષમ્ય બેદરકારી જોતા આ કેસ બિનજરૂરી લંબાવવો ન્યાયી જણાતો ન હોય તેમજ નામદાર સુપ્રીમ કોર્ટ ધ્વારા જી.એલ.એચ. ૨૦૦૮(૨) સુપ્રીમ કોર્ટ, ૪૩૯, એસ. રામાક્રિષ્ના વિ. એસ. રામારેડ્ડીના કેસમાં પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતોને ધ્યાને લેતા માત્ર આરોપી સામે આરોપ લગાવવો પુરતો નથી, કેસ આગળ વધારવા માટે પુરતો પ્રાથમિક આધાર હોવો જોઇએ. જો આરોપી સાબિત કરવા માટે જરૂરી મુળભુત તથ્યો જ ન હોય તો કોર્ટે તરત પ્રક્રીયા આગળ ન વધારવી જોઇએ. ફરિયાદી અથવા સંબંધિત પક્ષની ગેરહાજરીના કારણે પણ કાર્યવાહી પર અસર પડી શકે છે અને દસ્તાવેજનો હેતુ એ છે કે, નિર્દોષ વ્યકિત સામે ફાજલ/અધુરી ફરિયાદીના આધારે કાર્યવાહી ન થાય. કોર્ટમાં કેસ ચલાવવા માટે માત્ર આરોપ પુરતા નથી, મજબુત અને પ્રાથમિક પુરાવા હોવા જરૂરી છે. જેને ધ્યાને લઇ નીચેની કોર્ટ ધ્વારા આરોપીઓને ડીસ્ચાર્જ કરી છોડી મુકવાનો અને ચાલુ કેસ દરમ્યાન અવસાન પામેલ આરોપીઓ સામેનો કેસ એબેટથી ફેંસલ કરવાનો જે હુકમ તા.૨૮/૭/૨૦૨૫ ના રોજ કરવામાં આવેલ છે તેમાં વિધ્વાન ટ્રાયલ કોર્ટ ધ્વારા કાયદાની કોઇ ભૂલ કરેલ હોય કે તેમને મળેલ સત્તાથી વિશેષ સત્તાનો ઉપયોગ કરી હુકમ કરેલ હોય અથવા તો તેમને તા.૨૮/૭/૨૦૨૫ નો હુકમ સંપૂર્ણપણે રદ થવાપાત્ર હોય તેવુ જણાઇ આવતું ન હોય નીચલી અદાલતના તા.૨૮/૭/૨૦૨૫ ના રોજના હુકમમાં કોઇ હસ્તક્ષેપ કરવો ઉચિત જણાતો ન હોય ન્યાયના હિતમાં **મુદ્દા નં.૧** નો જવાબ **નકારમાં** ઠરાવી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: આખરી હુકમ :–**

૧. અરજદારની ફોજદારી રીવીઝન અરજી નં.૧૧૯/૨૦૨૫ **નામંજૂર** કરવામાં આવે છે.

૨. ભાવનગરનાં વિધ્વાન બીજા એડી. જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફ.ક.,ની કોર્ટ ધ્વારા ફોજદારી કેસ નં.૭૦૮૯/૨૦૦૩ ના કામે

તા.૨૮/૭/૨૦૨૫ ના રોજ આરોપીઓને ડીસ્ચાર્જ કરી છોડી મુકવાનો કરેલ હુકમ આથી કાયમ કરવામાં આવે છે.

૩. આ ચૂકાદાની પ્રમાણિત નકલ ટ્રાયલ કોર્ટને તાત્કાલીક મોકલી આપવી.

::: હુકમ આજ તા.૧૮, માહે એપ્રીલ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી-સંભળાવી જાહેર કર્યો.

ભાવનગર.
તા.૧૮/૦૪/૨૦૨૬

**(એચ.એસ.મુલીયા)**
સત્ર ન્યાયાધીશ,
ભાવનગર.
કોડ નં.જીજે૦૦૯૧૫

-yatin